MAJ-21020 Seat No. ________

# Third Year B. A. Examination

**February - 2018**

## Gujarati : Paper - XI

***(Kavy No Aswad)***

*(Old Course)*

Time : **3** Hours] [Total Marks : **100**

**સૂચના :** (૧) જમણી બાજુના આંક ગુણ દર્શાવે છે.

(૨) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નોના જવાબ આપવાના છે.

(૩) પ્રશ્ન નં. ૨ અને ૫માં અ, બ અને ક એવા વિભાગો આપેલા છે, જેના ઉત્તરો આપવા ફરજિયાત છે.

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **૧૫**

- કે કાગળ હરિ લખે તો બને

અવર લખે તે એકે અક્ષર નથી ઊકલતા મને...
મોરપીંછનો જેના ઉપર પડછાંયો ના પડિયો
શું વાંચું એ કાગળમાં જે હોય શાહીનો ખડિયો ?
એ પરબીડિયું શું ખોલું જેની વાટ ન હો આંખને....
મીરાં કે પ્રભુ, શ્વાસ અમારો કેવળ એક ટપાલી
નિશદિન આવે જાય લઈને થેલો ખાલી ખાલી
ચિઠ્ઠી લખતાંવેંત પહોંચશે સીધી મીરાં કને....

**- રમેશ પારેખ**

**અથવા**

૧ દુઃખી થવાને માટે કોઈ ધરતી પર નહી આવે; ૧૫
હવે સદીઓ જશેને કોઈ પયગમ્બર નહી આવે.
છે મસ્તીખોર કિન્તુ દિલનો છે પથ્થર નહી આવે;
સરિતાને કદી ઘરઆંગણે સાગર નહી આવે.
ચમનને આંખમાં લઈને નીકળશો જો ચમનમાંથી,
નહી આવે નજરમાં જંગલો, પાધર નહી આવે.
અનુભવ પરથી દુનિયાના, તું જો મળશે કયામતમાં,
તને જોઈ ધ્રુજારી આવશે, આદર નહી આવે.
દુઃખો આવ્યા છે હમણાં તો ફક્ત બે ચાર સંખ્યામાં,
ભલા શી ખાતરી કે એ પછી લશ્કર નહી આવે.
હવે તો દોસ્તો ભેગા મળી વ્હેંચીને પી નાખો,
જગના ઝેર પીવાને હવે શંકર નહી આવે.
આ બળવાખોર ગઝલો છોડ લખવાનું જલન નહીતર,
લખીને રાખજે અંજામ તુજ સંદર નહી આવે.
કરીને માફ સ્નેહીઓ ઉઠાવો એક બાબત પર,
'જલન'ની લાશ ઊંચકવા અહી ઈશ્વર નહી આવે.

**- 'જલન' માતરી**

૨ (અ) લોકસાહિત્યની વ્યાખ્યા આપી તેના સ્વરૂપ વિશે ચર્ચા કરો. ૧૫

**અથવા**

(અ) લોકસાહિત્ય અને આભિજાત્ય સાહિત્ય વચ્ચેની ભેદરેખા આલેખો. ૧૫

(બ) નીચેનામાંથી કોઈપણ એક વિશે વિગતે નોંધ લખો : ૧૫

(૧) લોકગીત

(૨) લોકસાહિત્યમાં પ્રતીત થતું સમાજ જીવન

૩ પ્રૂફ રીડિંગ એટલે શું તે સમજાવી, તેની પ્રાથમિક શરતો વિશે વિગતે ચર્ચા કરો. ૧૫

**અથવા**

૩ નીચેના પેરેગ્રાફને પ્રૂફ સુધારી ફરીથી લખો : ૧૫

કેળવળી એ રોટલા માટે છે એમ માનવામાં આવ્યું, મનૂષ્ય પોતાનો નીત્ય જીવન વ્યવહાર જે દ્વારા પ્રાપ્ત કરે તે કેળવણીનું અંગ એક. કેળવણી સામાન્ય માણસ. અસામાન્ય ગૂણો ધરાવનાર બનાવી શકે એમાં એનો વિજય. આજની પ્રણાલિકા પ્રમાણે તો જીવન પૂરતો કેળવણીનો ઊપયોગ રહ્યો નથી. કેળવણી જીવન ઘડવાને બદલે. માણસનેરોટલો કેમ પેદા કરવો એ કાર્યની રૂપરેખા આપવા પ્રયત્ન કરે છે.

૪ તમારી કોલેજમાં યોજાઈ ગયેલ વાર્ષિક ઉત્સવનો અહેવાલ તૈયાર કરો. ૨૦

**અથવા**

૪ તમારી કોલેજ દ્વારા યોજાઈ ગયેલ એન.એસ. એસ. શિબિર અને તે નિમિત્તે થયેલાં કાર્યક્રમોનો અખબારી અહેવાલ તૈયાર કરો. ૨૦

૫ (અ) સંધિ છોડો : (કોઈપણ પાંચ) ૫

જળાશય, વિદ્યાભ્યાસ, યોગીન્દ્ર, સિંધૂર્મિ, ઉમેશ, નવોઢા, સદૈવ, સંકલ્પ, સમીક્ષા, ચિદાનંદ

(બ) સંધિ જોડો : (કોઈપણ પાંચ) ૫

રવિ + ઈન્દ્ર, ભાનુ + ઉદય, વધૂ + ઉલ્લાસ, મહા + ઊર્મિ, વન + ઔષધિ, ગંગા + ઓઘ, પ્રતિ + અક્ષ, ઈતિ + આદિ, સમ્ + વેદન, ષટ્ + આનન

(ક) નીચેના પરિચ્છેદમાં રહેલી ભૂલો સુધારી ફરીથી લખો : ૧૦

મનુષ્યના પારસ્પરીક વ્યવહારનું એક અગત્યનું સાધન તે ભાષા. આ વ્યવહારની ભાષાનેજ સર્જક વિશિષ્ટ રિતે પ્રયોજે છે. આ ભાષાની વ્યાકરણ ગત શુદ્ધિ જ એક માત્ર શુદ્ધિ નથી, મનુષ્ય જે ભાવને વ્યક્ત કરવા ઈચ્છે છે તથા તેન વ્યક્ત કરનાર માધ્યમરૂપ ભાષા- આ બંનેનું સંબંધ એ સાહિત્ય સર્જકને મન મહત્ત્વની વસ્તુ છે મનુષ્યના અંતર્ગતને વ્યક્ત કરનાર સાધ તરીકે ભાસાની શુદ્ધિ વિશે સદા સચેત રહેવું. એની સકયતાને વીસ્તારવી, એ સર્જકનું કાર્ય છે ને આ અત્યન્ત મહત્ત્વનું કાર્ય છે.